અસહ્ય બાફ અને ઉકળાટ વચ્ચે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં સારા વરસાદની આશા સાથે ખેડુતોએ વાવણી કાર્ય આરંભ્યુ પરંતુ વરસાદ ખેંચાયો હોવાના કારણે ખેડુતો ચિંતામાં ગરકાવ થઈ રહ્યા છે.મોંઘવારીના જમાનામાં

મોંઘાદાટ બિયારણો નિષ્ફળ જશે તેવી ભિતી સેવાઈ રહી છે.છેલ્લા કેટલાક દિવસોથી અસહ્ય બાફ અને ઉકળાટ વચ્ચે પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે. અબાલ, વૃધ્ધ, નાના, મોટા સૌ-કોઈ ગરમીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પશુ-પંખીઓની દયનીય હાલત સર્જાઈ છે. મેઘરાજાની સૌ-કોઈ ચાતક નજરે રાહ જોઈ બેઠા છે. વાતાવરણમાં એકા-એક પલટો આવતાં વાદળછાયું વાતાવરણ રહેતુ હોવાના કારણે બાફ અને ઉકળાટનું પ્રમાણ વધતાં ગરમીનો પારો એકંદરે નીચે ઉતર્યો છે.

ખેડુતો અને શ્રમજીવીઓ ખેતીના કામકાજમાં પરોવાયા છે. ચોમાસુ સિઝન દરમ્યાન મેહુલીયો મન મુકીને વરસી જશે તેવી આશા સાથે ખેડુતોએ હોંશે હોંશે વાવણીનો શુભારંભ કર્યો છે. નારણપુર ગામના ખેડુત પુત્ર બાલાભાઈ ગરાહના જણાવ્યા મુજબ કપાસ, મગફળી, દિવેલા, કઠોળનું વાવેતર વધશે તેવું અનુમાન છે. ખેડુતો આકાશી ખેતીમાં વધુ વિશ્વાસ ધરાવે છે એટલે જ રવી સિઝન કે ઉનાળુ સિઝનના વાવેતર કરતાં ખરીફ સિઝનમાં વધુ વાવેતર કરતા હોય છે.હવે તો ખેડુતો રોકડીયા પાકો તરફ વળતાં કપાસ, તેલીબીયાં, સોયાબીનનું વાવેતર વધશે તેમ ખેડુતોએ જણાવ્યું હતું.

ચોમાસાની સિઝન શુભારંભ થઈ રહ્યો છે ત્યારે મબલક ઉત્પાદન મેળવવા ખેડુતો બિયારણ વેચતા વેપારીઓને ત્યાં ખરીદી અર્થે આવતા હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે બિયારણના વેપારીઓ ભોળા,અભણ ખેડુતોને ધોળા દિવસે લુંટી રહ્યા છે તેમ જાગૃત ખેડુતોએ જણાવ્યું હતું. બિયારણના વેપારીઓ ચિઠ્ઠી ઉપર બે નંબરનો લાખ્ખો રૂપિયાનો કાળો કારોબાર બેરોકટોક ચલાવી રહ્યા હોઈ તેમ જાણવા મળેલ છે.

શહેરના ૨૪ હોટલ માલિકો ઓયોથી વિમુખ થયા

હોટલ માલિકોએ જિલ્લા કલેકટરને મળીને આવેદનપત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી

ગાંધીનગર, તા.૩૦

ગો આઈ બી બો અને મેક માય ટ્રીપ બાદ ઓયો ની વેપારનીતીથી હોટલ માલિકો નારાજ થયા છે. ઓયો દ્વારા અસંખ્ય ચાર્જ વસુલવામાં આવે છે અને તગડું કમિશન વસુલ્યા બાદ હોટલ માલિકના ભાગમાં નહીવત નફો રહેતા તેઓ નાખુશ થયા છે. જેથી ગાંધીનગર શહેરના ૨૪ હોટલ માલિકો ઓયો થી નારાજ થયા છે. શહેરની હોટલો પરથી ઓયો ના પોસ્ટર અને બેનર્સ હટાવી દેવામાં આવ્યા છે. આ અંગે હોટલ માલિકોએ ઓયો ને લઈને જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે.

ગાંધીનગર શહેરના હોટલ માલિક વિક્રમસીંગ રાજપુરોહીત, મહેશ સીંગલ, અને કેયુરસીંગ રાવે જણાવ્યું છે કે ઓયોની બિજનેસ પોલીસી એક તરફી છે. ઓયો પહેલા ૧૫ થી ૨૦ ટકા કમિશન મેળવતુ હતું હવે તેના કરતા વધુ કમિશન મેળવે છે તેમજ તેના તરફથી રૂપીયા પણ સમયસર મળતા નથી. દરેક બુકીંગ પર મોટું કમિશન મેળવી લે છે. ઓયો દ્વારા અસંખ્ય ચાર્જ લેવામાં આવે છે. ઓયોના ચક્કરમાં ગ્રાહકો અને હોટલ માલિકો ફસાયા છે.ઓયોમાં હોટલ માલિકોને વેપાર મળી રહે છે પરંતુ તેઓના હાથમાં રૂપીયા સામાન્ય જ આવે છે તેમજ બચત થાય છે. ઓયો દ્વારા મળતા રૂપીયાથી હોટલ નીભાવણીનો ખર્ચ પણ કાઢવો મુશ્કેલ બની ગયો છે. ઓયોની વેપારની શરતોથી હોટલ માલિકો નારાજ છે. હોટલ માલિકોને હોટલ ચલાવવી પણ મુશ્કેલ બની જાય છે. કમાણી બાદ પણ હાથમાં કશુ વધતુ નથી. જેથી હોટલોએ ઓયોનું બુકીંગ લેવા માટે હાલ આનાકાની કરી રહ્યા છે. તો બીજીતરફ ગ્રાહક હેરાન પરેશાન ના થાય તે માટે હોટલ માલિકો ધ્યાન રાખી રહ્યા છે. ત્યારે ગાંધીનગર હોટલ માલિકો એ ઓયોના બેનર્સ ઉતારી દીધા છે.હોટલ માલિકોએ ગાંધીનગર જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી છે. ત્યારે આગામી સમયમાં હોટલ માલિકો ઓયો સામે બાયો ચડાવવા માટે તૈયાર થઈ ગયા છે.

આધુનિકરણ તરફ શહેર વળી રહ્યું છે ત્યારે બાપ-દાદાનો વારસો સંભાળવા વર્ષોથી અરવિંદભાઈ ચંદુભાઈ સરાણીયા છરીની ધાર કાઢવાનો વ્યવસાય કરે છે. સાયકલ પર સવાર થઈ સેક્ટરોમાં ફરીને ચપ્પુ-કાતરની ધાર કાઢી ૧૦૦ થી ૫૦૦ રૂ. કમાઈ ઘરના પાંચ સભ્યોનું ભરણપોષણ કરે છે.

સે-૨૪માં ઉધારમાં સિગરેટ ન આપતા ગલ્લાધારક પર હુમલો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ અપના બજાર બગીચા પાસે પાન-બીડી અને ચાનું કેબીન ચલાવતા ગલ્લાધારકે ઉધારમાં સિગરેટ ના આપતા ઝઘડો થયો હતો. આ સામાન્ય બાબતે થયેલી માથાકુટમાં છરી વડે હુમલો થયો હતો. બનાવ અંગે કોલવડાના યુવક સહિત ચાર સામે સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આરોપીઓને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

શહેરના સેકટર-૨૪ શ્રી નગર હાઉસીંગ ખાતે વસવાટ કરતો શાહરૂખ ઈદરીશ મુલતાની અપના બજાર પાસે પાન-બીડી મસાલા અને ચા નું કેબીન ધરાવે છે. શનિવારના રોજ સાંજના સુમારે શાહરૂખનો નાનો ભાઈ શકીલ ગલ્લા પર બેઠો હતો. ત્યારે શાહરૂખ પોતાના મિત્રો અજયસિંહ ગોહિલ અને શુભમ ઠાકોર સાથે બહાર ઉભો હતો. આ સમયે કોલવડાના ગામનો મહેન્દ્ર જગાજી ઠાકોર બુલેટ પર કેબીન આગળ આવ્યો હતો.તેણે ઉધારીમાં સિગારેટ માંગતા શકીલે ના પાડી હતી જેથી તે ઉશ્કેરાઈ ગયો હતો. તેણે ફોન કરી દેતા અન્ય ત્રણ કે ચાર ઈસમો આવી પહોંચ્યા હતા. જે ઈસમોએ ધંધો વેપાર કરવો હશે તો ઉધાર આપવુ જ પડશે તેમ કહી ઝઘડો કર્યો હતો. અજયસિંહ ઝઘડો કરવાની ના પાડતા મહેન્દ્રએ કમરના ભાગે છરી કાઢી હુમલો કરી દેતા તેને હાથ પર છરી વાગી હતી. આ સમયે બીજા વચ્ચે પડતા તેએ છરી ફેંકી દઈને બુલેટમાંથી લોખંડની પાઈપ કાઢીને શાહરૂખના માથામાં મારી દીધી હતી. જે બાદ બધા શખ્સો તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ બનાવ અંગે શકીલ મુલતાનીએ ફરીયાદ સેકટર-૨૧ પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણા ખાતે સ્વ.અનિલભાઈ ટી, પટેલના તૈલચિત્રનું અનાવરણ

મહેસણા

સરદાર વિધાભવન ટ્રસ્ટ મહેસાણા દ્વારા અવની સીડસ

વિધાસંકુલ પરિવાર આયોજીત સ્વશ્રી અનિલભાઈ ટી પટેલના તૈલચિત્ર અનાવરણનો કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ જણાવ્યું હતું કે અનિલભાઈની સમાજલક્ષી અને શૈક્ષણિક સેવાઓની સુવાસ આજે ફેલાઈ રહી છે. અનિલભાઈ સાચા સમાજ સેવક બની અન્ય લોકો માટે પ્રેરણાદાયી બન્યા હતા.સતત સમાજ અને શિક્ષણની ચિંતા કરી સમાજને નવી રાહ આપવાનું કામ અનિલભાઈ દ્વારા કરાયું હતું.

સાંસદશ્રી તેમજ સ્વ અનિલભાઈના ધર્મપત્ની શારદાબેન પટેલે ભાવુક થઈ જણાવ્યું હતું કે તેઓએ હમેશાં સમાજ અને શિક્ષણની ચિંતા કરી છે. આજે તેના કામોની સુવાસ દરેક જગ્યાએ પ્રસરી રહી છે. કાર્યક્રમમાં સ્વ. અનિલભાઈના તૈલચિત્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત અનિલભાઈની જીવન ઝરમરથી ઉપસ્થિત જનમેદની વાકેફ કરી હતી

કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વેશ્રી રમણભાઈ પટેલ, આશાબેન પટેલ, અગ્રણી અરવિંદભાઈ પટેલ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિના કાર્યકરી કુલપતિ શ્રી અનિલભાઈ નાયક સહિતના અગ્રણીઓ, ટ્રસ્ટીઓ તેમજ પ્રબુધ્ધ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ધર્મજમાં ગજ્જર સુથાર સમાજનો ૧૩મો સમુહ લગ્નોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગજ્જર સુથાર સમાજ ગુજરાતનો ૧૩મો સમુહ લગ્નોત્સવ ધર્મજ જલારામ મંદિર ખાતે યોજાશે. તો મેવાડા, વૈશ્ય, પંચોલી, સુથાર સમાજના ઈચ્છુક જ્ઞાતિજનોએ ફોર્મ મેળવીને વેળાસર ભરી દેવું.

સાતફેરા કુમકુમ પગલાં અને કુંવરબાઈનું મામેરુની સરકારી સહાય મેળવવા તથા અંગ્રેજીમાં લગ્ન નોંધણી પ્રમાણપત્ર પણ એનાયત કરવાના હોવાથી ઈચ્છુકોએ વહેલી તકે ફોર્મ ભરવા જણાવાયું છે.

પરીક્ષાઓની માર્કશીટની ઝેરોક્ષ નકલ પાછળ નામ સરનામું અને મોબાઈલ નંબર લખી મોકલાવો. શૈક્ષણિક ઈનામ વિતરણ મસારંભમાં સામેલ કરી શકાય. સંપર્ક માટે (૦૨૬૫)-૨૪૧૬૧૬૧ સાધી શકાશે.

આજકાલમાં શહેરમાં ચોમાસુ જામશે

ગાંધીનગરમાં હજુ જોઈએ તેવો વરસાદ નથી. જુલાઈના પ્રથમ સપ્તાહથી વરસાદ આવે તેવી સંભાવના ગાંધીનગરના જાણીતા હવામાનશાસ્ત્રી અંબારામ દા. પટેલે વ્યક્ત કરી છે.

આદ્રા સૂર્ય નક્ષત્રમાં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદ થવામાં છે આમ છતાં હજુ પણ રાજ્યના મધ્યભાગો તેમજ ઉત્તર ગુજરાતના ભાગોમાં ઘણા ઊંડા ભાગોમાં વાવણીલાયક વરસાદ નથી. ઘણા જાણ્યા અજાણ્યા બળોના કારણે ચોમાસુ મોડુ પડવામાં છે હવે ધીરે ધીરે જુલાઈના પ્રથમ સપ્તાહમાં વરસાદ થવાની ધારણા છે. હાલમાં દક્ષિણ ગુજરાતના ભાગો, આહવા, ડાંગ, વલસાડ, નવસારી, ધરમપુર, કપરાડા, બારડોલી, સુરત, કામરેજ, સુરત મહુવા વગેરે ભાગોમાં જુલાઈ તા. ૨ સુધીમાં સારો કે ભારે વરસાદ થઈ શકે. કોઈ કોઈ ભાગોમાં અતિભારે વરસાદ થવાની સંભાવના રહે. ગુજરાતના અન્ય ભાગોમાં પણ ગાજવીજ સાથે વરસાદ થવાની સંભાવના રહે. હવે ધીરે ધીરે દેડકાઓના અવાજ પણ સંભળાય. જુલાઈ તા. ૩, ૪ માં બંગાળના ઉપસાગરનું વહન સક્રિય થતાં ઓરીસ્સા, મહારાષ્ટ્રના ભાગોમાં ભારે વરસાદની શક્યતા રહે. મધ્યપ્રદેશના ભાગોમાં પણ ભારે વરસાદની શક્યતા રહે. પંચમહાલના ભાગો અને ગુજરાતના અન્ય ભાગોમાં પણ વરસાદ થવાની સંભાવના રહે. જુલાઈ તા. ૪ થી ૭ માં અરવલ્લીના ભાગો, સાબરકાંઠાના અન્ય ભાગો, ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદની શક્યતા રહે અને મધ્ય ગુજરાતના ભાગો વડોદરાના ભાગો, આણંદના ભાગો તેમજ અમદાવાદના ભાગોમાં પણ વરસાદની સંભાવના રહે. સુરેન્દ્રનગરના ભાગો, વિરમગામના કેટલાક ભાગો, કલોલ કડીના ભાગો, મહેસાણા, પાટણ, સિદ્ધપુરના ભાગો, બનાસકાંઠાના ભાગોમાં પણ વરસાદની શક્યતા છે. આથી ચોમાસુ હવે ધીરેધીરે સક્રિય થતુ જાય અને ગુજરાતના ભાગોમાં ચોમાસુ આગળ વધે.

જો અષાઢ સુદ ૨ની સાંજની વિજળી થાય અને ચંદ્ર વાદળમાં રહેલો હોય તો વિજળી ઈશાનની પશ્ચિમની હોય. લાલ ભડકા જેવી ના હોય, સફેદ ઝીણી ચમકારા મારતી હોય તો વરસાદ સારો થાય. અષાઢ સુદ ૫ ની વીજળી ઈશાન-પશ્ચિમની હોય, ઝીણી સરપ જેવી હોય, ચમકારા મારતી હોય તો, છઠ્ઠના દિવસે પણ વરસાદ થાય. રાજ્ય તેમજ ઉત્તર-મધ્ય ગુજરાતના ભાગોમાં પણ ભારે વરસાદની સંભાવના રહે. વળી કોઈ કોઈ ભાગોમાં અતિભારે વરસાદની સંભાવના રહે. અષાઢ સુદ ૨ ના ચંદ્રનું પાંખીયુ સાંજના સમયે ઉત્તર તરફ લાલાસ પડતુ હોય તો વરસાદની સંભાવના રહે, વીજળી વહેલી કે મોડી થાય તે પ્રમાણે વરસાદની સંભાવના રહે. એટલે વરસાદની સંભાવના જુલાઈના પ્રથમ સપ્તાહમાં રાજ્યના ઘણા ભાગોમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રના ભાગોમાં પણ વરસાદ થાય. જુનાગઢ, ભાવનગર અને અમરેલીના ભાગોમાં વરસાદ થાય.

શહેરના જાણીતા બિલ્ડર અને એડવોકેટ અને નોટરી સામે બળાત્કારની ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના જાણીતા બિલ્ડર અને ખ્યાતનામ એડવોકેટ અને નોટરી સામે બળાત્કારની ફરીયાદ નોંધાઈ છે. યુવતિની ફરીયાદ મુજબ ખ્યાતનામ એડવોકેટે મજબુરીનો ફાયદો ઉઠાવીને તેનું શારીરીક શોષણ કર્યુ છે. તો જયારે જાણીતા બિલ્ડરે યુવતિ સગર્ભા હોવા છતા તેની મરજી વિરુધ્ધ તેની પર બળાત્કાર ગુજાર્યો હતો.

બનાવની વિગત પ્રમાણે યુવતિ ગાંધીનગર નજીકના જિલ્લાની રહેવાસી છે. તેણીના લગ્ન ત્રણ વર્ષ પહેલા થયા હતા અને હાલ પતિ સામે ભરણ-પોષણનો કેસ ચાલી રહ્યો છે. યુવતિને હાલ આઠ માસનો ગર્ભ છે, યુવતિ છેલ્લા એક વર્ષથી ગાંધીનગર કોર્ટમાં જાણીતા સિનિયર વકીલ સાથે કામ કરી રહી હતી. પ્રારંભિક તબક્કામાં વકીલે યુવતિને સેકટર-૭માં આવેલું પોતાનું ઘર રહેવા માટે આપ્યું હતું. યુવતિની ફરીયાદ પ્રમાણે ઓગસ્ટ-૨૦૧૮માંએક દિવસ વકીલ યુવતિને પોતાના ઘરે લઈ ગયા હતા. જયાં ગાંધીનગર શહેરમાં ફલેટ અને વ્હીકલની લાલચ આપી તેની મજબુરીનો લાભ ઉઠાવીને શારીરીક સંબંધો બાંધ્યા હતા.આ પછી વકીલની પત્ની ઘરે ન હોય ત્યારે અવાર નવાર યુવતિ સાથે શારીરીક સંબંધો બાંધતા હતા.સેકટર-૭ ના મકાન બાદ યુવતિ ખાનગી હોસ્ટેલમાં રહેવા ગઈ હતી. જયાંથી વકીલ સાથે કામ કરતી અન્ય મહિલા અવાર-નવાર યુવતિને લઈને સેકટર-૭ સ્થિત ઘરે લઈ જતી હતી. જયાં વકીલ અને મહિલા બંને યુવતિને નશાયુકત પદાર્થ ખવડાવી-પીવડાવી શારીરીક શોષણ કરતા હતા.

યુવતિની ફરીયાદ પ્રમાણે શહેરના સેકટર-૨૨ ખાતે રહેતા જાણીતા બિલ્ડર વકીલને ત્યાં આવતા હોવાથી યુવતિ સાથે તેમની ઓળખાણ થઈ હતી. બિલ્ડીંગ કન્સ્ટ્રકશનનું કામ કરતા બિલ્ડરે યુવતિને ફલેટ અને હોસ્ટેલ ચલાવવા માટે આપવાની લાલચ આપી હતી. ત્યારે ગત તા.૧૨ મે ના રોજ બિલ્ડરે સેકટર-૧૧ સ્થિત હોટલમાં કેસની ચર્ચા માટે બોલાવી હતી. જયાં યુવતિએ પોતે સગર્ભા હોવાનું કહેવા છતા બિલ્ડરે તેની સાથે બળજબરી પૂર્વક બળાત્કાર કર્યો હતો. યુવતિના આક્ષેપ મુજબ ગત તા. ૧૩ મેના રોજ બિલ્ડરે ફરીથી યુવતિને કોર્ટની પાછળની બાજુમાં પોતાની ગાડીમાં બેસાડી હતી. કારમાં પણ તે શારીરિક અડપલા કરીને જબરજસ્તી કરવા લાગતા યુવતિએ વિરોધ કરતા તેને કારમાંથી ઉતારી દઈને કોઈને કહીશ તો જાનથી મારી નાખીંશ તેવી ધમકી આપી હતી. આ ઘટના અંગે શહેરના જાણીતા એડવોકેટ અને બિલ્ડર સહિત મહિલા સામે સેકટર-૭ પોલીસ મથકે ગુનોં નોધી પીઆઈ ડી.એ.ચૌધરીએ આરોપીઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

આઈસીએઆઈની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચમાં હેલ્થ, વિમેન એમ્પાવરમેન્ટ, નોલેજ અને કલ્ચરલ ઈવેન્ટ સાથે સીએ ડે ની ઉજવણી થશે

ધ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ)ની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચ દ્વારા તેના પ્લેટીનમ જ્યુબિલી વર્ષમાં તા. ૧ જુલાઈનાં રોજ સીએ ડે ની વૈવિધ્યસભર કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવશે. સીએ ડે ની ઉજવણી નિમિત્તે અમદાવાદ બ્રાન્ચ દ્વારા તેના સભ્યોને અને તેમના પરિવારને જોડવામાં આવશે. જ્ઞાનનું આદાન પ્રદાન કરવામાં આવશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની સિદ્ધિઓની કદર કરવામાં આવશે તેમજ સામાજિક પ્રતિબદ્ધતા સાથે સીએ બ્રાન્ડ બિલ્ડિંગ કરવામાં આવશે.

આઈસીએઆઈની ડબલ્યુઆઈઆરસીની અમદાવાદ બ્રાન્ચના ચેરમેન સીએ ગણેશ સીએ ડે અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, ‘આ વર્ષે અમારી સંસ્થા આઈસીએઆઈએ ૭૦ વર્ષ પૂર્ણ કર્યા છે. તેને ધ્યાનમાં રાખીને આ પ્લેટીનમ જ્યુબિલી વર્ષને અમે ઈવેન્ટસ, પ્રોગ્રામ્સ, કોન્ફરન્સીસ અને વર્કશોપ્સ દ્વારા ઉજવવવાનું નક્કી કર્યુ છે. તેની શરૂઆત તા. ૩૦ જૂન ૨૦૧૯થી થઈ ગઈ છે. તા. ૩૦ જુનના રોજ યોગ, હેલ્થ અને વિમેન એમ્પાવરમેન્ટ સેશન્સનું આયોજન કરવામાં આવ્યું છે. સીએ ડે ની ઉજવણી તા. ૨૦ જુલાઈ સુધી ચાલશે. મલેશિયાનાં કુઆલાલુમ્પુરમાં તા. ૧૫ જુલાઈ થી ૨૦ જુલાઈ ૨૦૧૯ દરમિયાન યોજાનારા ફોરેન્સીક એકાઉન્ટીંગ એન્ડ ફાયનાન્સિયલ ઈન્વેસ્ટીગેશનના પ્રથમ આંતરરાષ્ટ્રીય વર્કશોપમાં અમદાવાદની ટીમ ભાગ લઈ રહી છે.

તેમણે ઉમેર્યુ કે તા. ૧ જુલાઈના રોજ સીએ ડે નિમિત્તે અમે અમારી સ્મૃતિઓને તાજી કરીને ઉત્સાહ સાથે રાષ્ટ્રની સેવા કરવાની અમારી પ્રતિબદ્ધતા દોહરાવીશુ. તા. ૧ જુલાઈ સવારે રોજ સવારે વોકેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત સરકારના ગૃહસચિવ બ્રિજેશ કુમાર ઝા, આઈપીએસ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત આ કાર્યક્રમમાં ૯૪.૩ માય એફએમનાં આરજે લવ શાહ પણ હાજર રહેશે.’

અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

ઈતિહાસ નહી,વર્તમાનનો હિસાબ

કેન્દ્રમાં મે ૨૦૧૪માં સત્તામાં આવેલા ભાજપ કને જમ્મૂ-કાશ્મીરની સંપૂર્ણ સત્તા જાન્યુઆરી ૨૦૧૫થી આજ લગી રહી છે.ઈતિહાસમાં જ રમમાણ રહેવાને બદલે એણે વિતેલાં સાડા ચાર વર્ષમાં કેન્દ્ર અને રાજ્યમાં સંપૂર્ણ સત્તા ભોગવી ત્યારે કાશ્મીર કોકડું ઉકેલવામાં કેટલી પ્રગતિ કરી, આતંકવાદને સંપૂર્ણ નામશેષ કરવાને બદલે હજુ પણ ભારતીય સેનાના વધુને વધુ અધિકારીઓ અને જવાનો કેમ શહીદ થાય છે, ચૂંટણી ટાણે આપેલાં ૩૭૦ની કલમ દૂર કરવામાં કેમ પ્રગતિ ના થઈ શકી, ૩૭૦ને દૂર કરવાની વાત કરનારાને ‘રાષ્ટ્રદ્રોહી’ છે એવું કહેનારાં મહેબૂબા મુફતીની પીડીપી સાથે કેમ ત્રણ વર્ષ સરકાર ચલાવી, કાશ્મીર ખીણ પ્રદેશમાંથી ૩૦ વર્ષ પહેલાં હિજરત કરવા મજબૂર લાખો કાશ્મીરી પંડિતોના પુનર્વસનની વાતો વાતો જ કેમ રહી, પાકિસ્તાની મુસ્લિમ ગાયક અદનાન સામીને ભારતીય નાગરિકતા તાસક પર આપનાર મોદી સરકારે આટલા લાંબા ગાળામાં પાકિસ્તાનથી ૭૦ વર્ષ પહેલાં જમ્મૂ આવીને વસેલા બે લાખ જેટલા હિંદુ-શીખ લોકોને નાગરિકતા કેમ ના આપી, જેવા અનેક અણિયાળા સવાલોના જવાબો સત્તાધીશોએ આપવા પડે.

સાચો ઈતિહાસ ખૂબ કડવો

ફરીને ભારે બહુમતીથી સત્તામાં આવવા બદલ અભિનંદન,પણ સત્તાપ્રાપ્તિ જે ઉકેલ લાવવા માટે હોય એની સ્પષ્ટતા કરવાને બદલે નવી ગિલ્લી નવો દાવ રમતા રહેવાથી સમસ્યા ઉકેલાઈ જવાની નથી. લોકોનું ધ્યાન આ સમસ્યાઓ ભણીથી અન્યત્ર દોરવા માટે નેહરુનો આલાપ જપવામાં તો, ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ આડવાણી કહેતા રહ્યા છે તેમ, ભાજપનું કોંગ્રેસીકરણ થતું ચાલ્યું છે. સાચો ઈતિહાસ ખૂબ કડવો હોય છે. એનું સ્મરણ કરવા જતાં ક્યારેક બૂમરેંગ થવાની શક્યતા રહે છે. સત્તાધીશો પોતાને અનુકૂળ ઈતિહાસનું પુનર્લેખન જરૂર કરાવી શકે,પણ ઈતિહાસના ઘટનાક્રમને બદલી શકાતો નથી. સ્વાતંત્ર્યસંગ્રામ અને ભાગલાના ઈતિહાસબોધમાં રમમાણ વર્તમાન શાસકો પોતાની અનુકૂળતા મુજબનો ઈતિહાસ રજૂ કરવા જતાં આયનામાં પોતાનું પ્રતિબિંબ જોવાનું ચૂકી જાય છે. કોંગ્રેસના મંચ પરથી વર્ષ ૧૯૪૨માં મહાત્મા ગાંધીની આગેવાનીમાં જયારે ‘‘હિંદ છોડો’’ અંદોલન આદરવામાં આવ્યું ત્યારે મહાત્મા, કસ્તુરબા, સરદાર પટેલ, મણિબહેન, પંડિત નેહરુ, ઈન્દિરા ગાંધી,મૌલાના આઝાદ સહિતનાં નેતાઓ બ્રિટિશ જેલોમાં બંધ હતા. આ તબક્કે હિંદુ મહાસભાના કાર્યાધ્યક્ષ ડૉ.મુકરજી સહિતના હિંદુવાદી નેતાઓ પાકિસ્તાનવાદી મુસ્લિમ લીગ સાથે બંગાળ, સિંધ સહિતના પ્રાંતોમાં પ્રધાનપદ ભોગવતા હતા કે બ્રિટિશ વાઈસરોયની કારોબારીમાં રહીને આઝાદીના અંતિમ સંગ્રામની વિરોધી છાવણીમાં હતા. કોંગ્રેસે ધર્મ આધારિત ભાગલા પડાવ્યાનો સંસદમાં આલાપ જપતા શાસકો વિસરી જાય છે કે એમના રાજકીય પૂર્વજો તો અંગ્રેજ શાસકોની ખિદમતમાં હતા. કોંગ્રેસે સાત દાયકા પહેલાં ભાગલા સ્વીકારવા પડ્યા ત્યારે નેહરુ પહેલાં તો છેક ડિસેમ્બર ૧૯૪૬માં સરદાર પટેલે એનો સ્વીકાર કર્યાની કબૂલાત બંધારણસભામાં અને અન્યત્ર આપી છે. નેહરુ,સરદાર અને મહાત્માએ તો નાછૂટકે એનો સ્વીકાર કરવો પડ્યો હતો; અન્યથા સઘળું ગુમાવવાના સંજોગો હતા. આ વાત વલ્લભભાઈ પટેલે બંધારણસભામાં કહ્યા પછી પણ નેહરુને ભાંડનારા વાસ્તવમાં સરદાર પટેલ અને મહાત્માને પણ ભાંડવાનું પસંદ કરે છે, એ પ્રજાએ સમજી લેવાની જરૂર ખરી.

- haridesai@gmail.com

ક્રેડિટ ડિપોઝીટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાજ્ય અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના ધિરાણમાં પણ બેંકોએ તેમની નકારાત્મક માનસિકતા ત્યજવી પડશે. મુદ્રા યોજના અંતર્ગત ધિરાણ વધુ મળે તે જોવા પર ખાસ ભાર મુક્યો હતો. તેમણે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં પણ ધિરાણના લક્ષ્યાંકો સિદ્ધ થાય તે માટે ખાસ તાકીદ કરી ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં બેંકો ધ્યાન કેન્દ્રીત કરે તેમ કહ્યુ હતુ.

જિલ્લામાં હજુ પણ ૧૨ જેટલા ગામોમાં બેંકીંગ સુવિધા ઉપલબ્ધ નથી કરાવી શક્યા તે અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી સંબંધિત બેંકોને ડી.ડી.ઓ.ના સૂચનને નજર અંદાજ કર્યા વિના અમલમાં મુકવાનો આગ્રહ કર્યો હતો. ડી.ડી.ઓ.એ બેંક મિત્ર તરીકે જરૂર પડ્યે વિલેજ કોમ્પ્યુટર સાહસિકને જ પસંદ કરી સેવાઓના સઘનીકરણનો આગ્રહ કર્યો હતો જે નોંધનીય છે. જિલ્લામાં ૮ બેંકોમાં ૪૦ ટકા કરતાં પણ ઓછુ ધિરાણ હોવાને લઈ કલેક્ટરે નારાજગી વ્યક્ત કરી હતી. શૈક્ષણિક લોન, ગરીબો માટેના ધિરાણમાં ઘટાડો એ ચિંતાનો વિષય છે. આ બેઠકમાં બેંકોના પ્રતિનિધિઓ ઉપરાંત આર.બી.આઈ. તેમજ નાબાર્ડના પ્રતિનિધિઓ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં જિલ્લામાં બેંકોની સેવાઓના સઘનીકરણની સાથે સાથે ગ્રાહકલક્ષી બનાવવા પર સારી એવી ચર્ચાઓ થઈ હતી.

કંગાળ હાલતમાં... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ફાયર સેફટીની પુરતી સુવિધા નથી. ભોંયતળિયે તેમજ બાર રૂમ ઉપરાંત કોર્ટ રૂમમાં પણ ફાયર સિલીન્ડ લગાવાયા નથી. કોર્ટ બિલ્ડીંગમાં ફાયર સેફટીની સુવિધા યોગ્ય કરવા માટે તેમજ વકીલોને પણ ફાયર સેફટીના સાધનોના ઉપયોગ અંગે સમજણ આપવાનુ પણ અનિવાર્ય હોવાનુ રજુઆતમાં જણાંવાયુ છે. ફાયર સેફટીના મામલે કોર્ટ બિલ્ડીંગમાં પણ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી પણ માંગણી કરવામાં આવી છે.

જળ સંરક્ષણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

માહિતી શેર કરો. મોદીએ જનશક્તિ ફોર જળશક્તિ હેશટેક ચલાવવાની અપીલ કરી. વડાપ્રધાને કહ્યું કે મે ઘણી વખત એવું સાંભળ્યું છે કે બુકે નહીં બૂક. હાલમાં મને કોઈએ પ્રેમચંદનું પુસ્તક ભેટમાં આપ્યું. આ વાર્તાઓ મારા મનને સ્પર્શી ગઈ. મોદીએ કહ્યું કે મે તેમની નશા નામની વાર્તા વાંચી. તેનાથી ખ્યાલ આવ્યો કે તમે સાવધાન નથી તો ખરાબ સંગત તમને અસર કરી શકે છે. બીજી ઈદગાહની છે. જ્યારે હામિદ ચિપિયો લઈને પહોંચે છે તો માનવીય સંવેદના ચમ પર પહોંચી જાય છે.

પરોક્ષ વેરા...● અનુસંધાન પહેલાનું ચાલુ

અર્થતંત્ર માટે તે એક ગેમ ચેન્જર સાબિત થઈ છે. એણે બહુ-સ્તરીય જટિલ પરોક્ષ કરવેરા માળખાનું સ્થાન લીધું છે. નવી જીએસટી પ્રથા સરળ, પારદર્શી અને ટેક્નોલોજી પર આધારિત છે. નાણાં મંત્રાલયે કહ્યું છે કે નવા સુધારા અંતર્ગત નવી રિટર્ન સિસ્ટમ અજમાયશ ધોરણે ૧ જુલાઈથી અમલમાં મૂકવામાં આવશે અને ત્યારબાદ ૧ ઓકટોબરથી એને ફરજિયાત બનાવવામાં આવશે. નાના કરદાતાઓ માટે સહજ અને સુગમ રિટર્ન્સ સુવિધા આપવાનો સરકારનો ઉદ્દેશ્ય છે. સિંગલ કેશ લેજર મામલે સરકાર જે ફેરફાર કરી રહી છે એમાં અગાઉના ૨૦ હેડ્સને પાંચ મોટા હેડ્સમાં મર્જ કરી દેવામાં આવશે.

અમરનાથ.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. અમરનાથ યાત્રાને લઈને શ્રદ્ધાળુઓમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જમ્મુ-કાશ્મીરમાં અમરનાથ યાત્રાને લઈને તમામ તૈયારીઓ પહેલાથી જ પૂર્ણ કરી લેવામાં આવી છે. પહેલગામ અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ તરીકે છે. ત્યાંથી અમરનાથની પવિત્ર યાત્રા ચાલતા શરૂ થાય છે. આ ઉપરાંત બાલતાલથી પણ બીજો રસ્તો અમરનાથ ગુફા માટે હોય છે. લાખો શ્રદ્ધાળુઓ પહેલાથી જ નોંધણી કરાવી ચુક્યા છે. અમરનાથ યાત્રાને લઈને સરકારની ગંભીરતાનો અંદાજ આનાથી જ લગાવી શકાય છે કે આ વખતે અમરનાથ યાત્રા પહેલા નવી સરકારમાં ગૃહમંત્રી બનેલા અમિત શાહ તૈયારીઓ અને સુરક્ષા પાસાની સમીક્ષા કરી ચુક્યા છે. અમરનાથ યાત્રા દરમિયાન કોઈપણ બનાવ ન બને તે માટે પુરતા પગલા લેવામાં આવી રહ્યા છે. આ વખતે યાત્રાના રુટ ઉપર અર્ધલશ્કરી દળોની ૨૦૧ ૩થી વધુ વધારાની કંપનીઓ તૈનાત કરવામાં આવનાર છે. યાત્રાની શરૂઆત પહેલા જ સુરક્ષા પાસાઓ ઉપર જાણકારી મેળવવા અમિત શાહ પહોંચ્યા હતા. તેઓએ બેઠક યોજી હતી. તમામ સુરક્ષા પાસાઓની ચકાસણી કરવામાં આવી હતી.